ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બગડ્યું શિક્ષણ-તંત્રનું પેટ, 'ટેબ્લેટ' આપી દો!*
*થયા ફી વધારે ઝાડા વાલીને, 'ટેબ્લેટ' આપી દો!*
*લાભો નહીં આ ભૂખ્યા શિક્ષકોને ટેબ્લેટ આપી દો*
*થૈ સંચાલકોની ઉંઘહરામ, ટેબ્લેટ આપી દો!*

### હાઈકુ

*પાટી ન પેન,*
*ફી ભારણે બેચેન -*
*ખાવ ટેબ્લેટ!*

*બાળો ટેબ્લેટ!*
*ભૂખ્યાં ગરીબ ઘરે -*
*કરો રોશની!*

### ચિંતન

*બારિ મથે ધૃત હોઈ બરુ, સિકતા તે બરુ તેલ,*
*બિનુ હરિ ભજન ન ભવ તરિઅ, યહ સિદ્ધાંત અપેલ*

**ઉપરોક્ત ચોપાઈ તુલસીકૃત રામાયણમાંથી લેવામાં આવેલ છે.**

**પાણી વલોવવાથી ભલે ઘી થાય, રેતીમાંથી ભલે તેલ નીકળે, પણ ભગવાનના ભજન વિના સંસાર તરી શકાતો નથી. આ સિદ્ધાંત ટાળ્યો ટળે તેમ નથી.**

**ઈશ્વરનું ચિંતન - સ્મરણ - સત્સંગથી જ સદ્બુદ્ધિ-સંસ્કાર અને સાચો વિવેક પ્રાપ્ત થાય છે અને જીવન હેતુ - ધ્યેય અને જીવનશૈલીની સમજ પડે છે ઈશ્વર ચિંતન સિવાય બધું જ નકામું છે.**

### સુવિચાર

- અભિમાન અને સ્વાભાવિક વચ્ચેનો તફાવત પારખનારનું જીવન સરળ બની જાય છે - **અખંડ આનંદ**
- જે કાયર આંબા પર ચડીને કેરી પાડી ન શકે તે પથરા મારતો રહે છે - **ગુણવંત શાહ**
- એક ઠોકરે મુંઝાય કાં, રસ્તે નથી હોતા પથરાં બધા - **ભીખુદાન ગઢવી**
- અનિષ્ટના વિજય માટે માત્ર એક જ બાબત જવાબદાર છે તે છે - સારા માણસોની નિષ્ક્રિયતા - **હાવર્ડ સ્મિથ**
- જે વ્યક્તિને શિખામણની ખૂબ જરૂર હોય છે એમને એ ઓછામાં ઓછી પસંદ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સારા આત્મનિરીક્ષક બન્યા સિવાય સારા ચિંતક બનવું એ દુનિયાની સૌથી મુશ્કેલ ચીજ છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : લવિંગનું તેલ અને તમાકુના પાન વાટીને માથા ઉપર લેપ કરવાથી આધાશીશીનું દર્દ મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

સ્વદેશી અને રોજગારીનું મહત્ત્વ આજે અમેરિકાને સમજાયું છે. આપણે ત્યાં આ જ વારસો છે.

પંજાબના રાજા રણજીતસિંહ પાસે એક અંગ્રેજ વેપારી રંગબેરંગી કાચની મૂર્તિઓ, કાચની રકાબી, કપ, આઈનો, ફુલદાની જેવી વસ્તુ વેચવાના ઈરાદાથી આવ્યો. રણજીતસિંહે એક એક વસ્તુ હાથમાં લઈને જોઈ. અને એક ફુલદાની હાથમાં લઈ અચાનક જમીન પર પછાડી. ફુલદાની કાચની હતી અને ચૂરેચૂરા થઈ ગયા. પછી રણજીતસિંહે પેલા અંગ્રેજને પૂછ્યું, 'આ કાચના ટૂકડાઓનું બજારમાં શું ઉપજે?' અંગ્રેજ કહે, 'કંઈ ના ઉપજે' પછી મહારાજએ ભારતમાં બનેલો અને કચેરીમાં વપરાતો પિત્તળનો શાહીનો ખડિયો મંગાવ્યો. એને જોરથી જમીન પર પછાડ્યો. પચી એ ખડિયાને બજારમાં વેચી આવવા અનુસરને મોકલ્યો. એ ખડિયાના બાર આના ઉપજ્યા.

મહારાજાએ અંગ્રેજને કહ્યું, 'મારો દેશ એક ગરીબ દેશ છે. આ દેશના ગરીબોને એવી વસ્તુ ન ખપે કે જે ભાંગ્યા પછી જેનું કશું જ ન ઉપજે. આવા ગરીબ દેશનો હું રાજા છું, તેથી કાચની વસ્તુ ગમે તેવી સુંદર વસ્તુ હોય તો પણ તે મારાથી ખરીદી શકાય નહિં.'

પ્રજાના પૈસા એમ મારાથી બે હાથે વપરાય નહિં. પ્રજા પરત્વે આવી લાગણી ધરાવનાર રાજા સામે પેલો અંગ્રેજ વેપારી માનની લાગણીથી જોઈ રહ્યો.

# કુદરતી કોપ : માનવીનાં અપકૃત્યોની સજા ?

**તંત્રીસ્થાનેથી...**

માણસ ગમે તેટલી પ્રગતિ કરે તો પણ એ કુદરતની હરીફાઈ તો નહીં જ કરી શકે. બ્રહ્માંડનાં રહસ્યો શોધી કાઢનાર માનવી ચંદ્ર અને મંગલ પર ઉતરાણ કરી શકે; મહિનાઓ સુધી અંતરિક્ષમાં રહી શકે; એથીય આગળ વધી કદાચ અંતરિક્ષમાં કોલોની બાંધીને રહી શકે, પરંતુ એ ઘર આંગણે કુદરતી આફતોનો સામનો કરવાનું કૌવત હજી એકવીસમી સદીના પૂર્વાર્ધે પહોંચ્યા પછી પણ નથી કેળવી શક્યો તે હકીકત નકારી શકાય એમ નથી. આખી દુનિયાને આંગળીના ઈશારે નચાવનાર અમેરિકા જેવી મહાસત્તા પણ એનાં રાજ્યો પર ત્રાટકતાં વાવાઝોડાં સામે લાચાર બની જાય છે. ગવર્નરને જાહેર નોટિસ જારી કરીને કહેવું પડે છે કે વેળાસર ઘર છોડી સલામત સ્થળે પહોંચી જજો. જેને ઘર વહાલું હોય એ પોતાના જોખમે રહી શકે છે ! ફલોરીયા અને જયોર્જિયામાં લાખો માણસોએ આ 'ઈરમા' નામધારી હરિકેન સામે ઘૂંટણિયે પડી જઈ સલામતી ખાતર ઘર રેઢાં મૂકી સરકારે જયાં જયાં વ્યવસ્થા કરી હોય ત્યાં અથવા બીજા રાજયોમાં પોતાનાં સગા-સબંધીના આશ્રયે પહોંચી જવામાં શ્રેય માન્યું છે. હરિકેન ઈરમાએ ક્યુબાને ધમરોળ્યું છે અને અમેરિકન રાજયોમાં વિનાશ વેર્યો છે. એના ગાંડાતૂર શિવતાંડવને શાંત પાડવાનો કોઈ કીમિયો અમેરિકા જેવી મહાસત્તા પાસે નથી. સદીની નહીં બલકે અમેરિકાના ઈતિહાસની આ સૌથી મોટી હિજરત ભલે થોડા દિવસ પૂરતી જ હોય છતાં એ કુદરત સામેની હાર બલકે કાયમી અને કારમી હારની કબૂલાત જ ગણવી રહી. કુદરતને આંધળી કહી છે તે અમથી કે ? એ જયારે રમણે ચડે છે ત્યારે સારાનરસાનો વિવેક કર્યા વગર જે કોઈ હડફેટે ચડે એનો ઘડોલાડવો કરીને જંપે છે. કુદરતી કોપ કયારેક વાવાઝોડા સ્વરુપે, કયારેક ભૂકંપ રૂપે તો કયારેક અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે દુકાળ સ્વરુપે ત્રાટકે છે. સુનામી આવે ત્યારે દરિયા કિનારાનાં શહેરો પર મોત ઝળૂંબી રહે છે. અલબત્ત આવી કુદરતી આફતો પાછળ માનવીનાં પાપ જવાબદાર છે એવી પરંપરાગત માન્યતા ખુદ આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પણ ધરાવતા હતા. ૧૯૩૪ની સાલમાં બિહારમાં આવેલ ભીષણ ભૂકંપ સંદર્ભે એમણે આ મતલબનું નિવેદન કર્યું ત્યારે રવીન્દ્રનાથ ટાગોરથી લઈ કિશોરલાલ મશરુવાળાએ એમના 'અવૈજ્ઞાનિક' વિચારો વિરુદ્ધ બળાપો કાઢેલો. પરંતુ હવે સમજાય છે કે માણસ એના નિહિત સ્વાર્થોની પૂર્તિ ખાતર કુદરત સાથે ચેડાં કરતો રહે છે એની પ્રતીક્રિયા સ્વરુપે કુદરત કયારેક 'સૌ સુનાર કી' સામે 'લુહાર કી એક' વાળી કરીને ખંગ વાળી દેતી હોય છે. કુદરતી સ્રોતોનું હદ બહારનું દોહન 'ગ્લોબલ વોર્મિંગ' માં પરિણમતાં હવે હિમશિલાઓ પીગળવા લાગી છે અને દરિયો એના કિનરા સામે કરડી નજરે જોતો થઈ ગયો છે. અમેરિકા, જાપાન કે ભારત : કુદરત જયારે કાળા માથાના માનવીનાં કુકર્મો પ્રત્યે નારાજ થાય છે ત્યારે કયાંક ઈરમા ત્રાટકે છે, કયાંક ભૂકંપના ઝટકા આવે છે તો કયાંક ઉત્તરાખંડ જેવા જળપ્રલય સરજાય છે. આ ચેતવણીનો સૂર માનવી સરજશે ખરો ?

# પારદર્શકતા એ જનતાનો સંવૈધાનિક અને કાનૂની અધિકાર

**જનતાની ગ્રાન્ટનો કયા કેટલો ઉપયોગ કર્યો તે માહિતી આપવાની જનપ્રતિનિધિની ફરજ છે**



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતીય બંધારણમાં સાર્વ ભૌમીક શક્તિ નક્કિ કરવામાં આવે છે જેના દ્વારા કરવામાં આવતા તમામ જાહેર હિતના કામોની જાણકારી મેળવવાનો જનતાનો સંવિધાનીક અને કાનૂની રીતે અબાધીત અધિકાર છે. જનપ્રતિનિધિ દ્વારા કરવામાં આવતા જાહેર હિતના કાર્યોની સુચી અને વિગતો તથા કેટલી સરકારી ગ્રાન્ટ જનહિતના કાર્યમાં વાપરી છે તેની વિગતો મેળવવાનો હક્ક એક માત્ર જનતાને જ છે. પારદર્શક વહિવટ માટે જનપ્રતિનિધિ દ્વારા કરવામાં આવતા કાર્યોની વિગતો ઓનલાઈન મુકવી જોઈએ. કયા કામમાં કેટલી ગ્રાન્ટ વપરાઈ તથા આયોજન પંચની ગ્રાન્ટનો ઉપયોગ કેટલા જનહિતના કાર્યોમાં કરવામાં આવ્યો તેની વિગતો જનપ્રતિનિધિ પછી ભલેને નગર સેવક હોય કે ધારાસભ્ય કે લોકસભાના જનપ્રતિનિધિ કે પ્રધાન હોય તમામના કાર્યોની સંપૂર્ણ માહિતી જનતાને મેળવવાનો બંધારણીય હક્ક અને અધિકાર છે. જનપ્રતિનિધિએ નિષ્પક્ષ સમર્પણ, સમભાવ અને સંવેદનશીલત બની કાર્ય કરવું જોઈએ. જેના માટે જનતાએ તેમને વિનંતી નહિ પરંતુ આદેશ જ કરવો જોઈએ આ તમામ બાબતો માટે કાર્યમાં પારદર્શિકતા હોવી અતિ આવશ્યક છે.

તાજેતરમાં જ ગાંધીનગરના નગર સેવકો દ્વારા બાંકડા મુકવાનો પ્રશ્ન હોય કે ટ્રી પ્લાન્ટેશન ગાર્ડ મુકવાથી લઈ સાર્વજનીક સંસ્થાઓમાં એર કુલર, વોટર કુલર કે પંખા મુકવાનો પ્રશ્ન હોય શંકાના દાયરામાં જનપ્રતિનિધિ યેનકેન રીતે આવેલા છે. જનતાની ગ્રાન્ટ જનતાના કયા હિતમાં કે લોક સેવામાં વાપરી છે તેનો હિસાબ માંગવાનો હક્ક ટેક્ષ ભરતા મ્યુનિ. વેરા ભરતા તમામ નાગરિકોને બંધારણીય રીતે આપોઆપ મળેલ છે. જેના માટે જનતાએ સેવકોને વિનંતી કરવાની હોતી નથી પરંતુ નગર સેવક વિધાયક, સાંસદ વિગેરે પોતાને મળતી જન સેવાની ગ્રાન્ટને પોતાનો વ્યક્તિગત અધિકાર માને કે પોતાની મુડી માને છે જેને આમ જનતાએ મૌન રાખી જાણે સર્વ સ્વીકૃતી આપેલ હોય તેવું અનુમાન કરવામાં આવે છે અને આવી ગ્રાન્ટની રકમ કયા કામોમાં ? કેટલા સમયમાં ? અને કયા વિસ્તારમાં ? કેટલી રકમ વાપરી ? તે પાયાના પ્રશ્નોના જવાબો મેળવવાનો જનતાના સર્વોપરી અધિકારને જનપ્રતિનિધિઓ યેનકેન પ્રકારે દબાવી મનસ્વી રીતે ઉપયોગ કરતા આવેલ છે કેટલીક વખત તો ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ પણ જનપ્રતિનિધિ જનવિકાસના કામોમાં સમયસર કરી શકતા નથી જેનાથી આમ જનતાને મળતા અધિકારોથી સુખસુવિધાથી વંચીત રહેવું પડે છે. ઘણી બધી બાબતોમાં જનપ્રતિનિધિને પૂરતી માહિતીના અભાવે, જ્ઞાનના અભાવે પણ આવી ગ્રાન્ટ પરત જતી હોય છે. દર વર્ષે મળતી પૂરેપૂરી ગ્રાન્ટનો ઉપયોગ મોટાભાગના જનપ્રતિનિધિઓ કરી શકતા નથી તે તેમની આવડતનો, જ્ઞાનના અભાવનો પ્રશ્ન છે. દરેક જનપ્રતિનિધિ જનતાની અપેક્ષામાં ખરા ઉતરી શકતા નથી ત્યારે જનતાએ પોતાને મળેલા મતાધિકારનો ઉપયોગ કેટલી મોટી ભૂલ છે તેનો ખ્યાલ આવે છે અને એક આખો વિસ્તાર કે શહેર પાયાની સુવિધાથી વંચીત રહી જાય છે.

રોડ રસ્તાની ગ્રાન્ટનો ઉપયોગ વ્યવહારૂ રૂપમાં ગુણવત્તા યુક્ત કામોમાં થયેલો હોત તો વરસાદ બાદ રોડ રસ્તા ધોવાતા આમ નાગરિકોની પરેશાની માટે હાઈકોર્ટે સુવો મોટો કરી પગલા ભરવા ના પડત આકરા શબ્દોમાં ન્યાયપાલીકાએ રાજતંત્રને ફડકાર આપ્યો છે. કોન્ટ્રાક આપવની વ્હાલા દવાલાની નીતિ, ભ્રષ્ટાચારના કારણે કોન્ટ્રાકટરો દ્વારા ગુણવત્તા યુકત કાર્યો કરી શકાતા નથી તે સર્વ સ્વીકૃત હક્કિત હોવા છતાં જનતા મુક સાક્ષી બની પોતાની હેરાનગતિને પોતાનું નસીબ માની ભોગવતી આવી છે જે રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટથી દરેક વાતો વ્યવહારો જાણવાનો જનતાના હક્કને સત્તાધિકારીઓ દ્વારા કચડી નાંખવાનો પ્રયાસ કરી અધિકારોથી વંચીત રાખવામાં આવે છે તમામ કાર્યો ઓનલાઈન મુકવાના નિયમને તંત્ર દ્વારા ઘોળીને પી જવાય છે અને જયારે કોઈ નાગરિક રાઈટ ટુ ઈન્ફોર્મેશન એટનો ઉપયોગ કરી માહિતી મેળવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને ગોળગોળ અને અધુરી માહિતી આપી તંત્ર દ્વારા સંતોષ માનવામાં આવે છે.

સરકારની પારદર્શકતાને રાજનીતિ સાથે જોડવામાં આવે છે પરંતુ સામાન્ય રીતે આ આર્થીક મુદો છે જે સીધી રીતે ગુડ ગર્વનેસ અને વિકાસની બાબતોથી જોડાયેલ છે પ્રત્યેક

અનુસંધાન પાના નં. ૭ પર

# એક હોઠે સ્મિત ફરકાવો અને એક આંખે ગમ વહાવો, તો ખરા

ઝાંઝવાને બાથ ભીડો, તો ખરા;
પેટમાં અજગરને પાળો, તો ખરા.
દીવડાને દૂર રાખી જયોતથી
અંધકારોને ઉલેચો, તો ખરા.
પાનખરને આમ હડસેલો નહીં;
શક્યતાને આવકારો, તો ખરા.
સામસામે જોઈ લેવું ઠીક છે;
ભીંત સોંસરવા નિહાળો, તો ખરા.

- 'પથિક' પરમાર



WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

ભણતર અને આર્થિક રીતે સદ્ધર થયેલા આપણે આપણું મૂળ ભણતર અને સાચી પૂંજી ખોઈ બેઠા હોઈએ એમ નથી લાગતું ? સ્વકેન્દ્રી અને સ્વાર્થી બનેલા આપણે મૂળુ આતા પાસેથી ઘણું ઘણું શીખવાનું છે; આવો, જાણીએ આ મૂળુ આતા કોણ છે અને શું છે તે શ્રી પિંગળશી મેઘાણંદ ગઢવીના શબ્દોમાં :

અન્ન સમાન નહિ ઓખદી, જરણા સમો નહિ જાય,
કૃષ્ણ સમો નહિ દેવતા, નિંદા સમો નહિ પાપ.
ભજ મેના રામો નામ હરિ... રા...મો ના...મ હરિ.

પ્રભાતનો રાગ સાંભળતાં જ મૂળા આતા ઊઠે! વા ચૂકે, મે'ચૂકે, પણ મૂળુ આતાના ઊઠવાના ટાણામાં ફેર ન પડે. છત્રાવા ગામના મૂળુ આતા ખેડુ છે. પોતે ઈશ્વરની મોટી કૃપા માનતા કે એક તો ચારણને ખોળીએ અવતાર, અને વળી ખેતીનો ઉત્તમ ધંધો - જે ધંધો કોઈના ઘરમાં ખાડો પાડ્યા વિના એક કણનું અનેકગણું કરી આપે છે. બીજા ધંધામાં તો કોઈકના ઘરમાં ખાડો પડે ત્યારે આપણા ઘરમાં આવે. ખેડૂને માટે તો ઈશ્વરને ઘેર જ ચિઠ્ઠી ફાડવાની. જાત મહેનત કરીને રોટલો રળવો, કોકને ખવરાવીને ખાવું, એના જેવું બીજું સદ્ભાગ્ય કયું?

મૂળુ આતા હંમેશા વહેલા ઊઠી, દાતણપાણી કરી, પ્રભાતિયાં ગાતા ગાતા આખું ફળીયું વાળે. માથે પાણીનો છંટકાવ કરી પંખીડાંને ચણ નાખે. પછી ઢોરને વાળે આવે ત્યાં પાવડીથી પોદળા ખસેડીને ઢોરને નીરણપૂળો કરે. મોંસૂઝણું થતાં ખભે કાવડ લઈને ભાદર નદીએ જાય. ભદ્રાવતીની સ્તુતિ કરે. સ્નાન પતાવી, પાણીની કાવડ ભરી ઘેર આવે. ચલકાંના કૂંડિયા ઘસી વીછળીને તાજું પાણી ભરે. ત્યારબાદ લોટની ટોપલી લઈ ઓસરીની કોરે થાંભલીને ટેકે બેઠા બેઠાં બેરખો ફેરવે ને લોટિયાંને લોટ આપે. લોટિયાં આવી ગયા બાદ શિરામણ કરવા બેસે. પછી લાંબા હાથવાળી કોદાળી લઈને ઊપડે ખેતર ભણી. રસ્તામાં જયાં ખાડા, ખાબોચિયાં, પથરાં, કાંટા નડતર કરતાં હોય તેને શોધી શોધીને, કોઈ મોક્ષપંથનો વટેમાર્ગુ કામ-ક્રોધ ને ઈર્ષા-તૃષ્ણાનાં જાળાં સાફ કરતો હોય તેમ, રસ્તાને સમારતા જાય. કહે કે, 'એ મૂંગા જીવ બિચારા કોને કહેશે કે, આ વાટના ખાડાના ઓચિંતાના આંચકાથી અમારી કાંધ ભાંગી પડે છે?' રસ્તે ખેતર ગમે તેનું હોય - શેઢાના છોડવા ઢળી પડ્યા હોય તો ઊભા કરી, પાંદડાની આંટી વાળી ઊભડી કરી દેવાની.

પોતાને ખેતર પહોંચીને જયાં સાંતી ચાલતું હોય ત્યાં જાય. બળદને માથે હાથ ફેરવે, ઈતરડી - ગિંગોડા વીણે. માણસને પૂછતા હોય એમ બળદને પૂછે : 'કેમ બાપા! આજ ભૂખ્યા છો ?' સાથીને પૂછે : 'સાંગણ! આજ મોડો ઊઠ્યો' તો ? ખેડુના દીકરાથી દિવસ ઉગતાં સુધી નીંદર ન ઘોરાય. આમ ભૂખ્યે પેટે એનાથી ધૂળના લાદા કયાંથી ઢરડાય? હવે આજ એને વે'લેરો છોડી નાખજે, હો ભાઈ ! આમ વાતો કરતાં કરતાં દાંતા-ડાઢા તપાસે : કસૂતર તો નથી ને? જોતરની ડોઈ જુએ : ટૂંપો તો નથી આવતો ને ? ધૂંસરી કાંધ ઉપર ચડી જાય એટલી બધી ઢીલી તો નથી ને? અનેક ભલામણ કરે. સાથી પાસે આવીને કહે, 'સાંગણ! ઢાંઢાને હાંકતી વેળા જબાન સારી રાખીએ. 'મર! મર!' ને બદલે 'હાલો, મારી બાઈ! હાલો, મારી જિવાઈ!' એમ કહીએ તો પણ એટલી જ વાર લાગે.

રસ્તામાં બાઈઓ-ભાઈઓ જે કોઈ સામાં મળે એમને 'રામરામ સીતારામ' કહેતા જાય. માણસ માણસને સામું મળે, તો કાંઈ ઢોરની જેમ મૂગું મૂગું ચાલ્યું જવાય છે? પોતે અભણ, એટલે સાદી સીધી એની વાત : 'દેને કુ ટુકડા ભલા, લેને કુ હરિનામ. બને તો પાંચ માળા કરવી. સ્થિતિ પ્રમાણે બને તેટલી મદદ કરવી. કોક કહેશે કે, આપણે ગરીબ માણસ શું કરીએ...?' ભલે આપણે તળાવ ન બંધવી શકીએ, પણ પોતાની ઝૂંપડીને નવે સીકું બાંધી, ઘડાની ઠીબ મૂકીને બે કળશિયા પાણી તો રેડી શકીએ ને? પંખીડાં આવીને ત્યાં પાણી પીએ, ઈ આપણું તળાવ ! દળણું દળીને જે સોંણ - ઝાટકણ ચપટી ચાંગણું નીકળે, તે ચકલાં ચણી જાય એવે ઠેકાણે નાખીએ; ઠામ-વાસણનો એંઠવાડ કૂતરાની ચાટમાં નાખીએ, એ આપણું સદાવ્રત. મોટી ધર્મશાળા ભલે ન બંધાવી શકીએ, પણ બે-ચાર ઝાડવાં તો આપણે ઉજેરી શકીએ ને? એ આપણી ધર્મશાળા - જેને દરવાજો જ નહિ. ગમે તે અને ગમે ત્યારે આવે ત્યાં પોરો ખાવા. આપણા સ્વાર્થ માટે કેટલાં ઝાડ કાપી નાખ્યાં હશે, એનો કોઈ નેઠો ખરો? જેટલાં કાપ્યાં એટલાં તો નહીં, પણ બે-પાંચ તો ઉજેરી જવા, કે પાછલાંને કામ આવે.' કોઈ કહે, 'મૂળુ આતા ! આપણી આ ખારચ જમીનમાં ઝાડ ઊછરતાં નથી!' તો મૂળુ આતા સમજાવે : 'એવું નથી, ભાઈ. ભગવાને જેવી જમીન બનાવી છે, એમ એને ભાવે તેવી વનસ્પતિ પણ બનાવેલી છે. ખારચ શું - દરિયામાં પણ થાય એવાંય ઝાડવા છે. હું આંબા ઉજેરવાનું નથી કહેતો, પણ બીજા ઝાડ કયાં ઓછાં છે? ખારચમાં પણ લીમડો, રામ બાવળ, અરડૂસો, એવાં એવા ઉજરે છે. જો, મેં કેટલાં ઉજેર્યા !' ગામને પાદર વરસે વરસે તેમણે દસ ઝાડ વાવવા માંડ્યા. એને વાડ-કાંટો ને રખોવાળી કરે. એમાંથી બે-ત્રણ ઘસાઈએ જાય; તો પાંચસાત ઊજરી જાય. આમ આઠ-દસ વરસમાં તો ગામ લૂંબેઝૂંબે થઈ ગયું.

છેવટે બ્યાસી વરસની અવસ્થાએ આતાએ પ્રયાણ કર્યું. મૂળુ આત પોતે ભવતું ભાતું બાંધીને ગયા, અને ઝાડ ઉજેરવાનો સંસ્કાર ગામમાં સીંચતા ગયા.'

આજના માનવીએ ઘણી સફળતા, સિદ્ધિ, ઉચ્ચ ડિગ્રી હાંસલ કરી હશે છતાં મૂળું આતાના જીવનમાંથી આજે પણ તેણે હજી ઘણું બધું શીખવાનું છે. તેમની દિનચર્યા અને જીવનશૈલી એ જ એક ઉચ્ચ કોટિના સંત જેવી રહી તે બાબત આપણે નકારી ન શકીએ. સમાજ, પશુ-પંખી, સજીવ સૃષ્ટિ અને પર્યાવરણ સૌનો વિચાર કરનારા મૂળૂ આતાને સો સો સલામ.

**Last seen :**

ચાર પળનો ચટકો કયાંથી પાલવે?
શ્વાસના સંબંધ રાખો, તો ખરા.
એક હોઠે સ્મિત ફરકાવો અને
એક આંખે ગમ વહાવો, તો ખરા.
દ્વાર સામે ઝૂરતી પીળાશ છે;
સ્હેજ દરવાજો ઉઘાડો, તો ખરા.

- nehalgadhavi101@gmail.com

# ભાજપ શાસનથી ખુશ માતૃસંસ્થા આરઆરએસનો ભાવિ એજન્ડા



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પોતાના રાજકીય ફરજંદ ભારતીય જનતા પાટીથી પ્રસન્ન છે. આપણે ત્યાં કહેવત છે કે 'વરને વરની મા વખાણે'. કેન્દ્ર અને રાજ્યોમાં ભારતીય જનતા પક્ષની સરકારો કાર્યરત છે ત્યારે એની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) સમયાંતરે સરકારની કામગીરીની સમીક્ષા કરે છે. હમણાં મથુરાના વૃંદાવનમાં માધવ કુંજ ખાતે દેશભરમાંથી સંઘ

- વૃંદાવનની સમન્વય બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કામગીરી પર સંઘના "અધિકારીઓ" વારી ગયા
- વાતો સ્વદેશી તથા મેઈક ઈન ઈન્ડિયાની થાય ત્યારે વિદેશી મૂડીરોકાણ પરનું અવલંબન કઠતી લાગી
- બે કરોડ બાંગલાદેશી ઘૂસણખોરોમાંથી ભાજપ સરકારે માત્ર ૩૦ ઘૂસણખોરોને એમના દેશમાં પાછા કાઢ્યા !
- ડોકલામ વિવાદ અને બ્રિક્સ દેશોની શિખર પરિષદમાં દિલ્હીનો હાથ ઉપર રહ્યાથી સંઘની નેતાગીરી રાજી
- આવતીકાલના એજન્ડામાં સીમા સુરક્ષા અને ઈશાન ભારત, કેરળ તથા જમ્મૂ- કાશ્મીર કેન્દ્રસ્થાને રહ્યાં

પરિવારનાં ઉપ સંગઠનોના પ્રતિનિધિઓની સમન્વય બેઠક ત્રણ દિવસ ચાલી. સંઘની કામગીરી માત્ર રાજકીય ક્ષેત્રમાં જ નથી, પ્રત્યેક ક્ષેત્રમાં કાર્યરત સંગઠનોના પ્રતિનિધિ થકી અહેવાલ આપવામાં આવ્યા, અપેક્ષાપૂર્તિ કેટલી થઈ એની ચર્ચા થઈ અને હવે પછીના કાર્યક્રમો પર ભાર મૂકાયો. સંઘની સમન્વય બેઠકમાં કેન્દ્રની ભાજપ સરકાર થકી ડોકલામ વિવાદ મુદ્દે ચીનને પાઠ ભણાવવા બદલ સરાહના કરવામાં આવી. સાથે જ એકંદરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારની કામગીરીથી સંઘના હોદ્દેદારો પ્રસન્ન હોવાનું અનુભવાયું. જોકે, જ્યાં જે નેતાઓને ટપારવાની જરૂર હતી તેમને ખાનગીખૂણે સાફ શબ્દોમાં સુણાવવાનું કામ પણ સંઘના 'અધિકારીઓ' થકી થયું છે. કાશ્મીરનો મામલો ત્રણ-ત્રણ વર્ષથી કેન્દ્ર અને રાજ્યમાં ભાજપની સરકાર હોવા છતાં થાળે નહીં પડતો હોવા બાબત સંઘની નેતાગીરી ચિંતિત હોવાનું જણાયું. જમ્મુ-કાશ્મીરના યુવકોને માટે રોજગારીની તકો નિર્માણ કરીને એમને મુખ્ય ધારામાં લાવવાની અનિવાર્યતા પણ પ્રતિપાદિત કરાઈ. ત્રિદિવસીય સમન્વય બેઠકને અંતે સરસંઘચાલક ડૉ. મોહનરાવ ભાગવતના વડપણ હેઠળ સંઘનાં સંગઠનોને જવાબદારી સોંપાઈ, તેમાં મુખ્યત્વે ઈશાન ભારત, કેરળ અને કાશ્મીર કેન્દ્રસ્થાને રહ્યાં છે.સંઘની બેઠકમાંથી અખિલ ભારતીય પ્રચારપ્રમુખ ડૉ. મનમોહન વૈદ્ય મારફત સમાચાર માધ્યમો જોગ પ્રસારિત કરાતી બાબતોમાં સકારાત્મક બાબતો વધુ હોવા છતાં સમન્વય બેઠકની ચર્ચામાં સંઘના સંગઠનોની કાર્યવાહીની સમીક્ષા કરતી વેળા કડવી-મીઠી બધી બાબતોને આવરી લેવામાં આવી. સંઘ ભાજપની માતૃસંસ્થા હોવાથી અહીં માથું ટેકવવા આવનારાઓમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહથી લઈને વિવિધ રાજ્યોના મુખ્ય પ્રધાનો, પ્રધાનો, ભાજપના અન્ય હોદ્દેદારોનો સમાવેશ હોવાથી મીડિયામાં એના રાજકીય ચિત્રને ઉપસાવવાના પ્રયાસ થયા.

ત્રિદિવસીય બેઠકમાં સ્વદેશીના વિચારના આચરણની બાબતમાં સારી એવી ટીકાત્મક ચર્ચા પણ થઈ. 'અમારું લક્ષ્ય ઈન્ટિગ્રલ હોલિસ્ટિક લાઈફ' છે એટલે કે ભારતીય વ્યવસ્થા માત્ર ભૌતિકવાદી નથી, એમાં એક પ્રકારની પવિત્રતા પણ હોવાની બાબત પર ભાર મૂકાય છે.' સંઘની સંસ્થા સ્વદેશી જાગરણ મંચ તથા ભારતીય મજદૂર સંઘ એકંદરે કેન્દ્ર અને રાજ્યોની ભાજપી સરકારોની નીતિરીતિથી સંતુષ્ટ નહીં હોવાની બાબત પણ બેઠકમાં ઝળકવી સ્વાભાવિક છે. રોજગારીની તકો તથા કામદાર સુરક્ષાની બાબતો જોખમમાં મૂકાઈ રહ્યાની વાસ્તવિક્તા ભણી આ બંને સંગઠનો ઉહાપોહ મચાવતાં રહ્યાં છે. વાતો સ્વદેશી તથા મેઈક ઈન ઈન્ડિયાની થાય છે, પણ વિદેશી મૂડીરોકાણ પરનું અવલંબન વધી રહ્યાની હકીકત ભણી આંખમિચાંમણાં કરવાનું શક્ય નહીં હોવાની બાબત પણ મંથનમાં સ્પષ્ટ થતી હતી.

દેશભરમાં સૌથી વધુ શાખાઓ ચલાવાતી હોવા છતાં કેરળમાં ભાજપનો રાજકીય પ્રભાવ નહીંવત્ રહ્યો છે. વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં વડા પ્રધાન મોદીએ ખૂબ જોર માર્યું છતાં ૧૪૦ બેઠકોની વિધાનસભામાંથી માત્ર એક જ બેઠક પર ભાજપનો વિજય થયો હતો. હવે સંઘ-ભાજપ સાથે મળીને પ્રભાવ-વિસ્તરણ માટે આક્રમક આંદોલન જગાવવાનું આયોજન કરવાનું સમન્વય બેઠકમાં નક્કી થયું. છેલ્લા કેટલાય દાયકાઓથી કેરળમાં સંઘ અને માર્ક્સવાદીઓ વચ્ચે પારસ્પારિક હત્યાઓ અને વેરની વસૂલાતના દોર ચાલે છે. કેરળની માર્કસવાદી મોરચાની સરકાર સામે દેશભરમાં સંઘ પરિવાર તરફથી જનમત કેળવવાની કોશિશ થઈ રહી છે અને આવતા દિવસોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની આડશે કેરળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા તરફના સંજોગો આકાર લે એવું લાગે છે.જોકે સંઘનાં સૂત્રો જણાવે છે કે ઈન્દિરા ગાંધીએ ૧૯૫૯માં કોંગ્રેસપ્રમુખ તરીકે જે ભૂલ કરી તે ભાજપની નેતાગીરી નહીં કરે. કેરળમાં ખાસ કરીને વિશ્વ હિંદુ પરિષદને આંદોલનમાં વધુ સક્રિય બનાવાય એવું લાગે છે. મથુરાના વૃંદાવનની સમન્વય બેઠકનું મહાત્મ્ય "સીમા જાગરણ મંચ" નામક નવા સંગઠનની રચનાના નિર્ણય સાથે સવિશેષ વધશે. ડોકલામ વિવાદે સંઘ પરિવારને સીમા સુરક્ષા બાબત જાગૃતિના પ્રયાસ વધુ મજબૂત કરવા માટે પગલાં લેવાશે.એ માટે પ્રજાને અને સત્તાવાળાઓને પ્રેરવા આ સંગઠન દેશના સીમાડાઓ પર વધી રહેલી આતંકવાદી ઘટનાઓને રોકવામાં સરકારી પ્રયાસોમાં સહયોગ કરતું રહેશે. ડોકલામ વિવાદ બે મહિનાથી વધુ લાંબો ચાલ્યો અને એ પછી બ્રિક્સ શિખર પરિષદ પૂર્વે જ ભારત અને ચીન બંનેએ પોતાનાં દળો પાછાં ખેંચી લેવાનું નક્કી કર્યું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી શિયામેન ખાતે બ્રિક્સ દેશોની શિખર પરિષદમાં હાજરી આપવા ગયા અને સંઘ થકી એ મુદ્દે ભારતનો હાથ ચીન સામે ઉપર રહ્યો હોવાનું જણાવાયું છે. ભારતના સીમાડાઓ સુરક્ષિત રહે એ રાષ્ટ્રના હિતમાં અનિવાર્ય છે. ઉત્તર પ્રદેશમાં ભાજપની યોગી આદિત્યનાથના નેતૃત્વવાળી સરકાર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માટે જરૂરી પગલાં ભરે એવો સંદેશ ઉત્તરપ્રદેશમાં મળેલી આ સમન્વય બેઠકનો હતો. બેઠકમાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને તેમના બે નાયબ મુખ્ય પ્રધાન ડૉ. દિનેશ શર્મા અને કેશવપ્રસાદ મૌર્ય પણ હાજર રહ્યા હતા. આંતરિક સુરક્ષાની સાથે જ આતંકવાદને

અનુસંધાન પાના નં. ૭ પર